# મતદાન માટે પ્રવેશ વિશે તમારે સંપૂર્ણ માહિતી મેળવવાની આવશ્યકતા છે

# આ ચૂંટણી પ્રવેશ પ્રશ્નોના જવાબ અંદર છે

**મતદાન માટે પ્રવેશ**

હંગામી પ્રવેશ માટે હું લાયક છું?

હંગામી પ્રવેશ માટે હું ગેરલાયક છું?

શા માટે મારે પ્રવેશ મેળવવો જોઇએ?

મારે કેવી રીતે પ્રવેશ મેળવવો?

પ્રવેશ ફોર્મ હું ક્યાંથી મેળવી શકીશ?

ઇન્ટરનેટનો ઉપયોગ કરી હું પ્રવેશ મેળવી શકુ?

ઇન્ટરનેટનો ઉપયોગ કરી મારી માહિતી હું અપડેટ કરી શકુ?

હું 18 નો થાઉં તે પહેલાં હું પ્રવેશ મેળવી શકુ?

હું અપંગ છું. હંગામી પ્રવેશ માટે મને મદદ મળી શકશે?

મારો પરીવાર અથવા મિત્રો વિદેશમાં છે. હું તેમને પ્રવેશ અપાવી શકુ?

બિનપ્રકાશિત નામાવલિ શું છે?

મેં પરત મોકલ્યા બાદ મારા પ્રવેશ માટે શું થશે?

મારે કઇ માહિતી આપવાની આવશ્યકતા છે?

**માઓરી પ્રવેશ**

માઓરી મતદારમંડળ વિકલ્પ?

હું ન્યુ ઝીલેન્ડ માઓરી છું. મારે કઇ નામાવલિમાં જવું તેની હું પસંદગી કેવી રીતે શકુ?

પ્રથમ વખત માટે હું માઓરીમાં પ્રવેશ મેળવી રહ્યો હોઉ તો શું?

માઓરી મતદારમંડળ વિકલ્પ કેટલી વખત હાથ ધરવામાં આવે છે?

હું પસિફિક આઇલેન્ડ્ઝ પોલીનેસિયન છું. શું હું માઓરી મતદાન નામાવલિમાં પ્રવેશ મેળવી શકું?

**મતદાર નામાવલિ**

પાર્લીયામેન્ટરી મતવિસ્તાર નામાવલિ શું છે?

મતવિસ્તાર નામાવલિ હું કેવી રીતે જોઇ શકુ?

મતવિસ્તાર માહિતીનો શા માટે ઉપયોગ કરવામાં આવે છે?

**તમારી પ્રવેશ માહિતી અદ્યતન રાખવી**

મારું સરનામું બદલાય તો મારે શું કરવું?

મારું નામ અથવા વ્યવસાય હું બદલાવું તો શું થશે?

મારી માહિતી અદ્યતન કરવાનું હું ભૂલી જાઉ તો શું થશે?

**પ્રવેશ અદ્યતન કાર્યક્રમ**

પ્રવેશ અદ્યતન કાર્યક્રમ શું છે?

પ્રવેશ અદ્યતન કાર્યક્રમ હોય ત્યારે મારે શું કરવાનું?

મારું પ્રવેશ અદ્યતન ફોર્મ હું પરત ન મોકલું તો શું થશે?

સરનામાં પર કોઇ રહેતુ ન કોય તેવા કોઇ માટે હું પ્રવેશ અદ્યતન ફોર્મ મેળવું તો શું?

મને પ્રવેશ અદ્યતન ફોર્મ ન મળે તો શું?

**મતવિસ્તાર મર્યાદાઓ**

મેં સ્થળાંતર કરેલ નથી પરંતુ મને અલગ મતવિસ્તારમાં મૂકવામાં આવેલ છે. શા માટે?

**અન્ય ચૂંટણીઓ**

પાર્લીયામેન્ટરી બાય-ઇલેકશન શું છે?

લોકલ ઇલેકશન્સ શુ છે?

સિટીઝન્સ ઇનીશ્યેટેડ રેફરન્ડા અને/અથવા ગવર્મેન્ટ ઇનીશ્યેટેડ રેફરન્ડામાં મતદાન માટે હું લાયક છું?

**વધુ માહિતી**

મારે વધુ માહિતી કેવી રીતે મેળવવી?

આ માહિતી અન્ય ભાષામાં હું મેળવી શકીશ?

## ન્યુ ઝીલેન્ડ સંસદીય ચૂંટણીઓમાં મતદાન માટે તમારે પ્રવેશ મેળવવો ફરજિયાત છે

નવી સંસદ અને સરકારની પસંદગી માટે ન્યુ ઝીલેન્ડ ઓછામાં ઓછા દર ત્રણ વર્ષે સામાન્ય ચૂંટણીનું આયોજન કરે છે. સામાન્ય અને માઓરી મતદાર મંડળો છે મતદાન કરવા માટે પ્રવેશ પામેલ તમામની એક નામાવલિ, અથવા એક સૂચિ, દરેક મતદાર મંડળ ધરાવે છે. જો તમારી વય 18 અથવા વધુ હોય અને પ્રવેશ માટે લાયક હો તો નિયમાનુસાર તમારો સમાવેશ નામાવલિમાં હોવો જોઇએ. જો તમારી વય 17 વર્ષની હોય તો તમે હંગામી ધોરણે પ્રવેશ મેળવી શકશો. એક વખત પ્રવેશ મેળવ્યા બાદ તમારી માહિતી તમારે અદ્યતન રાખવી ફરજિયાત છે. મતાધિકારીના રજીસ્ટ્રાર્સ, જેઓ ન્યુ ઝીલેન્ડ પોસ્ટ લી. વતી કાર્ય કરે છે તે નિયમાવલિનું ધ્યાન રાખે છે.

# મતદાન માટે પ્રવેશ

## હંગામી પ્રવેશ માટે હું લાયક છું?

તમે લાયક અને કાનુની પ્રવેશ તો જ મેળવી શકશો જો:

- તમે ન્યુ ઝીલેન્ડના નાગરિક હો અથવા ન્યુ ઝીલેન્ડના કાયમી નિવાસી હો, અને,
- તમે 18 વર્ષના, અથવા મોટા હો, અને,
- કોઇપણ સમયે સતત એક વર્ષ કરતાં વધુ સમય માટે તમે ન્યુ ઝીલેન્ડમાં રહેતા હો, અને,
- તમે ગેરલાયક ન ઠર્યા હો.

## હંગામી પ્રવેશ માટે હું ગેરલાયક છું?

તમે પ્રવેશ મેળવી શકશો નહીં જો:

- તમે ન્યુ ઝીલેન્ડના એવા નાગરિક હો જે ન્યુ ઝીલેન્ડની બહાર રહેતા હો અને છેલ્લાં 3 વર્ષમાં ન્યુ ઝીલેન્ડમાં રહ્યા ન હો.
- તમે ન્યુ ઝીલેન્ડના એવા કાયમી નિવાસી હો જે ન્યુ ઝીલેન્ડની બહાર રહેતા હો અને છેલ્લાં 12 મહિનાની અંદર ન્યુ ઝીલેન્ડમાં રહ્યા ન હો.

(નોંધઃ ઉપરોક્ત બે નિયમોમાં અપવાદો છે. ઉદાહરણ તરીકે, જાહેર સેવકો અથવા ડિફેન્સ ફોર્સના સભ્યો જેઓ તેમના પરિવારના સભ્યો સાથે પણ ફરજ પર ન્યુ ઝીલેન્ડની બહાર હોય.)

ગેરલાયક ઠરવાની અન્ય બાબતો પણ છે જે ખૂબ નાની સંખ્યાના લોકોને લાગુ થાય છે. આ પ્રકારના કોઇ માપદંડ હેઠળ સમાવિષ્ટ લોકોને રજીસ્ટ્રાર્સ ઓફ ઇલેક્ટર્સ જાણ કરે છે. ગેરલાયકાત માટેના અન્ય માપદંડો વિશે જો તમારા પ્રશ્નો અથવા મુદ્દા હોય તો, call 0800 ENROL NOW (0800 36 76 56) પર કોલ કરો અથવા અમારી વેબસાઇટ - elections.org.nz જુઓ.

## શા માટે મારે પ્રવેશ મેળવવો જોઇએ?

જો તમે આમ કરવા માટે લાયક હો તો તમારે આમ કરવું ફરજિયાત છે. પ્રવેશ મેળવવાથી તમને મતદાનની તક મળશે. ન્યુ ઝીલેન્ડની દરેક સામાન્ય ચૂંટણીમાં કયા લોકો અને કઇ રાજકીય પક્ષો ચૂંટવા જોઇએ તેના વિશે તમારો અભિપ્રાયની તક મતદાન છે. લોકલ કાઉન્સિલ અને ડિસ્ટ્રીક્ટ હેલ્થ બોર્ડ ઇલેકશન અને કોઇ રેફરન્ડા અથવા અભિપ્રાય માટે મતદાન કરવાની પણ તમે તક મેળવશો.

## મારે કેવી રીતે પ્રવેશ મેળવવો?

"એનરોલીંગ ટુ વોટ: એપ્લીકેશન" નામનું ફક્ત એક પ્રવેશ ફોર્મ ભરો. જો તમે મતદાન કરવા માગતા ન હો તો પણ મતવિસ્તાર નામાવલિ પર નોંધણી માટે તમારી અરજી કરવી ફરજિયાત છે.

જો તમે ન્યુ ઝીલેન્ડ માઓરી હો, અથવા ન્યુ ઝીલેન્ડ માઓરીના વંશજ હો, અને પ્રથમ વખત પ્રવેશ મેળવતા હો તો તમે કઇ નામાવલિમાં રહેવા માગો છો તે દર્શાવવા માટે અરજીનો પણ તમે ઉપયોગ કરી શકશો. તમારે માઓરી

અથવા સામાન્ય નામાવલિમાં રહેવું છે તેમાંથી એકની પસંદગી કરી શકશો.

## પ્રવેશ ફોર્મ હું ક્યાંથી મેળવી શકીશ?

- આ પુસ્તિકાની પાછળ આપેલ કુપન ભરો અને પોસ્ટ કરો અમે તમને એક ફોર્મ મોકલાવીશું (માત્ર ઇંગ્લીશમાં ઉપલબ્ધ).
- કોઇપણ પોસ્ટશોપ પર તે વિના મૂલ્યે ઉપલબ્ધ છે.
- વિના મૂલ્યે 0800 ENROL NOW (0800 36 76 56) પર અમને ફોન કરો, અને અમે તમને એક ફોર્મ મોકલાવીશું.
- 3676 પર તમારું નામ અને સરનામાં સાથે વિના મૂલ્યે SMS મોકલો, અને અમે તમને એક ફોર્મ મોકલાવીશું.
- અમારી વેબસાઇટ - elections.org.nz પર અરજી કરો અથવા ફોર્મ પ્રીન્ટ કરો.

તમે ફોર્મ ભરી લીધાં બાદ તેને પોસ્ટશોપમાં નાંખો અથવા આ સરનામે તેને પોસ્ટ કરો (કોઇ પોસ્ટેજ સ્ટેમ્પ લાગુ નથી):

FREEPOST 2 ENROL

ELECTORAL ENROLMENT CENTRE

P O BOX 190, WELLINGTON 6140

## ઇન્ટરનેટનો ઉપયોગ કરી હું પ્રવેશ મેળવી શકુ?

હા, ફક્ત  અમારી વેબસાઇટ elections.org.nz પર જાવ અને "Enrol, check or update" બટન ક્લીક કરો. તમારી પ્રવેશ માહિતી ભરવા માટેના પગલાં અનુસરો. ત્યારબાદ તમારી માહિતી ભરાયેલ પ્રવેશ ફોર્મ તમે ડાઉનલોડ કરીને પ્રીન્ટ કરો, તેમાં સહી કરી તેને અમારા સરનામે મોકલી પ્રક્રિયા પૂર્ણ કરો.

અન્યથા, તમે વ્યવહાર જમા કરાવી શકશો અને અમે તમારી ચકાસણી માટે પ્રી-પ્રીન્ટેડ વ્યક્તિગત પ્રવેશ ફોર્મ તમને મોકલીશું, સહી કરો અને તેને પરત મોકલો. તમારી પ્રવેશ માહિતી તમે ઓનલાઇન વેબસાઇટ પર ઓનલાઇન પણ તપાસી શકશો.

## ઇન્ટરનેટનો ઉપયોગ કરી મારી માહિતી હું અપડેટ કરી શકુ?

એક વખત કોઇ વ્યક્તિએ ફોર્મ ભરી લીધું હોય અને રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સે સ્વીકારી લીધું હોય ત્યાર બાદ તે વ્યક્તિ પોતાની પ્રવેશ માહિતી ઇલેક્ટ્રોનીકલી અદ્યતન કરી શકશે, "એનરોલીંગ ટુ વોટ: એપ્લીકેશન" ફોર્મ દર્શાવે છે કે આ સેવામાં તમે ફેરફાર કરવા માગો છો. અરજદારના ઇમેઇલ એડ્રેસની પણ આવશ્યકતા છે.
પ્રવેશ માહિતીના ઇલેક્ટ્રોનીક અપડેટનું સંચાલન igovt લોગ ઓન દ્વારા થાય છે જે વિવિધ સરકારી ઓનલાઇન સેવાઓને સમાન લોગ ઓન માહિતીનો ઉપયોગ કરવાની અનુમતિ આપે છે – igovt એ સુરક્ષિત છે અને તમારી ગુપ્તતાનું સંચાલન કરે છે.

એક વખત તમારા પ્રવેશની પ્રક્રિયા થઇ જાય ત્યાર બાદ ઓનલાઇન ઇલેકશન એનરોલમેન્ટ સાથે નોંધણી પૂર્ણ કરવા સમયે તમારા અરજી પત્રકમાં તમે આપેલ તમારા  ઇમેઇલ સરનામાં પર તમારો સંપર્ક કરવામાં આવશે. આ

માટે igovt લોગ ઓનની તમારે આવશ્યકતા રહેશે અથવા તમે ધરાવતા હો તે વર્તમાન igovt લોગ ઓનનો તમારે ઉપયોગ કરવાનો રહેશે.

ઇલેક્ટ્રોનીક રીતે તમારી પ્રવેશ માહિતી ઇલેક્ટ્રોનીક રીતે તમે અદ્યતન કરવા માગતા ન હો તો, રજીસ્ટ્રાર્સ ઓફ ઇલેક્ટર્સને ઇલેક્ટ્રોનીક વ્યવહાર વિકલ્પમાંથી તમને બહાર મૂકવા માટે તમારી જાણ કરવાની રહેશે. તમારા રેકોર્ડના ઉપયોગ માટે સુસંગત રીતે સુધારો કરવામાં આવશે.

## હું 18 નો થાઉં તે પહેલાં હું પ્રવેશ મેળવી શકુ?

હા, જ્યારે તમે 17 વર્ષ પૂરાં કરો ત્યારે એક પ્રવેશ ફોર્મ ભરી તમે "હંગામી પ્રવેશ" મેળવી શકશો. તમે જ્યારે 18 વર્ષ પૂરાં કરશો ત્યારે સ્વયં તમારો પ્રવેશ થશે.

"એનરોલીંગ ટુ વોટ બીફોર યુ આર 18" નામની અમારા પુસ્તિકામાં વધુ માહિતી ઉપલબ્ધ છે. કોઇપણ પોસ્ટશોપ પર ઉપલબ્ધ છે અથવા મંગાવવા માટે 0800 ENROL NOW (0800 36 76 56) પર કોલ કરો.

## હું અપંગ છું. હંગામી પ્રવેશ માટે મને મદદ મળી શકશે?

જો તમે શારીરિક ખોડખાંપણ ધરાવતા હો તો તમારા માટેના પ્રવેશ ફોર્મ ભરવામાં મદદની આવશ્યકતા હોય તો તમે આમ કરી શકશો:

- એક નોંધાયેલ મતદાતા દ્વારા તમારું ફોર્મ ભરાયેલ અને સહી થયેલ હોવું જોઇએ. પ્રવેશ પત્ર પર તેમની સહીની બાજુમાં તેમણે "ઇલેક્ટર ફિઝીકલી ડિસેબલ્ડ – સાઇન્ડ બાય ધેર ડાયરેક્શન" લખવું ફરજિયાત છે.
- અથવા, તમારી પાવર ઓફ એટર્ની ધરાવનાર વ્યક્તિ દ્વારા તમારું ફોર્મ ભરાયેલ અને સહી થયેલ હોવું જોઇએ. ફોર્મ પર તેમની સહીની બાજુમાં તેમણે "ઇલેક્ટર ફિઝીકલી ડિસેબલ્ડ – પાવર ઓફ એટર્ની" લખવું ફરજિયાત છે.

તમારા પરિવારના કોઇ સભ્ય માનસિક રીતે સક્ષમ ન હોય તો તમે તેનો પ્રવેશ કરાવી શકશો. વધુ માહિતી માટે 0800 ENROL NOW (0800 36 76 56) પર વિના મૂલ્યે અમને ફોન કરો.

## મારો પરીવાર અથવા મિત્રો વિદેશમાં છે. હું તેમને પ્રવેશ અપાવી શકુ?

હા. તેઓ પ્રવેશ માટે લાયક હોવા જોઇએ તો તેમનું પ્રવેશ ફોર્મ તમે ભરી શકશો. તમે આમ કરી શકશો:

- જો તમે નોંધાયેલ મતદાતા હો તો તેમનું ફોર્મ ભરી તમે સહી કરી શકશો. પ્રવેશ પત્ર પર તમારી સહીની બાજુમાં તમારે "ઇલેક્ટર ઓવરસીઝ – સાઇન્ડ બાય ધેર ડાયરેક્શન" લખવું ફરજિયાત છે.
- અથવા, જો તેમના તરફથી તમે પાવર ઓફ એટર્ની ધરાવતા હો તો તમે તેમનું ફોર્મ ભરી શકશો અને સહી કરી શકશો. પ્રવેશ પત્ર પર તમારી સહીની બાજુમાં તમારે "ઇલેક્ટર ઓવરસીઝ – પાવર ઓફ એટર્ની" લખવું ફરજિયાત છે.

## બિનપ્રકાશિત નામાવલિ શું છે?

જો તમે માનતા હો કે પ્રીન્ટેડ નામાવાલિમાં તમારી માહિતીની નોંધણી કરવાથી તમારી અંગત સુરક્ષા જોખમાય છે, તો તમારી માહિતી પ્રીન્ટેડ નામાવલિમાં દર્શાવવામાં ન આવે તેવી તમે અરજી કરી શકશો. આ માટે તમારે એક સ્વતંત્ર અરજી કરવાની રહેશે અને તમારી અંગત પરિસ્થિતીના થોડા પુરાવા રજુ કરવાના રહેશે જેમ કે

પ્રોટેકશન ઓર્ડર, રીસ્ટ્રેઇન્ટ ઓર્ડર, અથવા કોન્સ્ટેબલ તરીફથી સ્ટેટ્યુટરી ડેકલેરેશન.

વધુ માહિતી અને અરજી પત્ર અમારી "એવરીથીંગ યુ નીડ ટુ નો એબાઉટ ધી અનપબ્લીશ્ડ ઇલેક્ટોરલ રોલ" નામની પુસ્તિકામાં ઉપલબ્ધ છે. કોઇપણ પોસ્ટશોપ પર ઉપલબ્ધ છે અથવા મંગાવવા માટે 0800 ENROL NOW (0800 36 76 56) પર કોલ કરો.

### મેં પરત મોકલ્યા બાદ મારા પ્રવેશ માટે શું થશે?

પ્રવેશ પત્રક સાચી રીતે ભરવામાં આવ્યું છે કે કેમ તેની તમારા રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ તપાસ કરશે. જો યોગ્ય હશે, મતદારમંડળની એ હંગામી મતદારમંડળ નામાવલિમાં તમારું નામ જશે જ્યાં તમે ઓછામાં ઓછા એક મહિનાથી વસવાટ કરતા હો. તમારા હંગામી પ્રવેશની ખાતરી કરવા માટે મેઇલમાં અમે તમને જાણકારી મોકલાવીશું.

### મારે કઇ માહિતી આપવાની આવશ્યકતા છે?

કૃપા કરી પ્રવેશ ફોર્મના તમામ પ્રશ્નોના જવાબ આપો જેથી અમે સાચી રીતે પ્રવેશ આપી શકીએ. મતવિસ્તાર નામાવલિમાં માત્ર ફુદડી (*) નિશાની સાથેના પ્રશ્નો પ્રીન્ટ કરવામાં આવશે.

*તમારું સંપૂર્ણ નામ:

તમારો પ્રવેશ સાચી રીતે થયો છે તે તપાસવા માટે તેની આવશ્યકતા છે, અને એક જ પરિવાર અથવા એક નામો ધરાવતા લોકોને અલગ કરી શકાય.

જન્મ તારીખ:

તમારા રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સને આ દર્શાવે છે કે પ્રવેશ માટે તમારી વય પર્યાપ્ત છે અને સમાન નામ ધરાવતા લોકોને અલગ કરવામાં પણ આ મદદ કરી શકે છે.

સહી અને તારીખ:

જો તમે ન્યુ ઝીલેન્ડ માઓરી હો, અથવા ન્યુ ઝીલેન્ડ માઓરીના વંશજ હો, તો તમારે માઓરી વિભાગ અથવા સામાન્ય વિભાગમાં સહી કરવી અને તારીખ નાંખવી ફરજિયાત છે. તમારે બંને વિભાગમાં સહી કરવાની નથી. તમે કઇ નામાવલિમાં જવા માગો છો તેની પસંદગી કરવી મહત્વની છે. અન્ય તમામ લોકોએ સામાન્ય વિભાગમાં સહી કરવી અને તારીખ નાંખવી ફરજિયાત છે. જો તમે શારીરિક ખોડખાંપણ ધરાવતા હોય અથવા વિદેશમાં હો તો તમાર વતી અરજીમાં સહી થઇ શકે છે.

*રહેણાંક સરનામું:

આ તમારું ઘરનું સરનામું છે. તમારા ઘરનું સરનામું દર્શાવવા માટે ન્યુ ઝીલેન્ડ પોસ્ટ બોક્સ અથવા ગ્રામીણ ડિલીવરી નંબર પર્યાપ્ત નથી. અમને તમારા સંપૂર્ણ ઘરના સરનામાંની આવશ્યકતા છે આથી તમે જ્યાં 'નિવાસ' કરો છો તે મતવિસ્તારમાં અમે તમને પ્રવેશ આપી શકીએ.

તમારા પરીવાર અથવા અંગત સંબધો અથવા અન્ય પારીવારીક અથવા અંગત કારણોસર તમારું ઘર બનાવવા માટે તમે પસંદ કરેલ હોય તે સ્થળે તમે 'નિવાસ' કરો છો. પ્રસંગોપાત અથવા હંગામી ધોરણે આ સ્થળે તમે ગેરહાજર હો તેનો એવો અર્થ થતો નથી કે તમે ત્યાં રહેતા નથી. તમારી નોકરી અથવા શિક્ષણના (અથવા

તમારા સાથીદારની નોકરી અથવા શિક્ષણ) કારણે તમારા નિવાસના સ્થળે ગેરહાજર રહેવાથી આ બાબતને અસર થતી નથી. તમે ક્યાં નિવાસ કરો છો અને તમારા ઘરની ક્યાં પસંદગી કરો છો તે આ બાબત નક્કી કરવામાં મુખ્ય ભાગ ભજવે છે.

પોસ્ટ સરનામું:

તમારા નિવાસી સરનામાંથી તમારું પોસ્ટર સરનામું અલગ હોય તો આ માહિતીની આવશ્યકતા છે. તમારા પ્રવેશની પુષ્ટિ કરવા માટે અમારે તમને લેખિતમાં જાણ કરવાની આવશ્યકતા છે.

*વ્યવસાય:

સમાન નામ ધરાવતા લોકોને અલગ કરવા માટે આ બાબત પણ અમને સહાયક થઇ શકે છે. ટૂંકા સ્વરૂપમાં તે પ્રીન્ટેડ રોલમાં પ્રદર્શિત થઇ શકે છે.

ભવિષ્યમાં માહિતી ઇલેક્ટ્રોનિકલી અદ્યતન કરો:

ભવિષ્યમાં તમારી માહિતી જો તમે ઇલેક્ટ્રોનિકલી અદ્યતન કરવા માગતા હો, ફોર્મ ભર્યા વિના, વર્તુળમાં “હા” કરો અને ફોર્મની પાછળ વિભાગ D માં તમારું ઇમેઇલ સરનામું લખો.

શું તમે માઓરી છો?

માત્ર ન્યુ ઝીલેન્ડ માઓરી, અથવા ન્યુ ઝીલેન્ડ માઓરીના વંશજો, વર્તુળમાં “હા” ટીક કરી જવાબ આપશે. અન્ય તમારા લોકોએ વર્તુળમાં “ના” ટીક કરવું ફરજિયાત છે.

ફોન નંબર:

તમારો સંપર્ક કરવાની અમને આવશ્યકતા હોય તેવા કિસ્સામાં તેની જરૂર છે.

સ્કેચ નકશો:

જો તમે નંબર વિનાના સરનામાં પર રહેતા હો, તમારો સાચો મતવિસ્તાર નક્કી કરવામાં સહાય માટે તમારું મકાન દર્શાવતા સ્કેચ નકશાની આવશ્યકતા છે.

તમારું સરનામું તમે તાજેતરમાં બદલાવેલ છે?

એક મહિનાથી ઓછા સમયથી તમારા હાલના રહેણાંક સરનામે તમે રહેતા હો, તો કૃપા કરી આ વિભાગ ભરો.

વિદેશમાં રહેતા ન્યુ ઝીલેન્ડવાસી:

જો તમે વિદેશમાં રહેતા હો તો જ આ વિભાગ તમારે ભરવાનો છે. ન્યુ ઝીલેન્ડમાં છેલ્લે તમે ક્યારે રહેતા હતા, ક્યારે વિદેશ ગયા, અને તમે ન્યુ ઝીલેન્ડ છોડ્યું તે પહેલાં તમે એક મહિનાથી તમે રહેતા હો તે છેલ્લું સરનામું કૃપા કરી જણાવો.

## માઓરી પ્રવેશ

### માઓરી મતદારમંડળ વિકલ્પ

જો તમે ન્યુ ઝીલેન્ડ માઓરી હો, અથવા ન્યુ ઝીલેન્ડ માઓરીના વંશજ હો, તો તમે માઓરી વિભાગ અથવા સામાન્ય વિભાગની પસંદગી કરી શકશો.

### હું ન્યુઝીલેન્ડ માઓરી છું. મારે કઇ નામાવલિમાં જવું તેની હું પસંદગી કેવી રીતે શકુ?

જે લોકોએ મતદારવિસ્તાર નામાવલિમાં જણાવેલ છે કે તેઓ ન્યુ ઝીલેન્ડ માઓરી વંશજ છે તે દરેકને માઓરી ઇલેક્ટોરલ ઓપ્શન ફોર્મ સામાન્ય રીતે દર પાંચ વર્ષે મોકલવામાં આવે છે. તમે માઓરી નામાવલિ અથવા સામાન્ય નામાવલિમાં રહેવા માગો છો તેની પસંદગી કરવા માટે આ ફોર્મનો ઉપયોગ થાય છે. તેના માઓરી ઇલક્ટોરલ ઓપ્શન કાર્ય કહેવાય છે.

### પ્રથમ વખત માટે હું માઓરીમાં પ્રવેશ મેળવી રહ્યો હોઉ તો શું?

જો તમે ન્યુ ઝીલેન્ડ માઓરી હો તો, પ્રવેશ પત્રક પર યોગ્ય ભાગમાં સહી કરી કયા પ્રકારની નામાવલિમાં તમારે જવું તેની પસંદગી કરી શકશો. એક વખત તમારી પસંદગી તમે કરી લીધાં બાદ આગામી માઓરી ઇલેક્ટોરલ ઓપ્શન પર કાર્ય ન થાય ત્યાં સુધી તમે ફેરફાર કરી શકશો નહીં.

### માઓરી ઇલેક્ટોરલ ઓપ્શન કેટલી વખત હાથ ધરવામાં આવે છે?

સામાન્ય રીતે વસતિ અને રહેણાંક ગણના બાદ ચાર-માસના સમય માટે દર પાંચ વર્ષે એક વખત માઓરી ઇલેક્ટોરલ ઓપ્શન હાથ ધરવામાં આવે છે અને માઓરી મતદાતાઓને નામાવલિમાં તેમના પ્રવેશ પ્રકારની સમીક્ષા કરવાની અને ફેરફાર કરવાની તક આપવામાં આવે છે.

### હું પસિફિક આઇલેન્ડ્ઝ પોલીનેસિયન છું. શું હું માઓરી મતદાન નામાવલિમાં પ્રવેશ મેળવી શકું?

ના. પ્રવેશ માટે કુક આઇલેન્ડ્ઝ માઓરી અને પેસિફિક આઇલેન્ડર્સનો સામાન્ય નામાવલિમાં સમાવેશ થાય છે.

“એનરોલીંગ ટુ વોટ એઝ એ ન્યુ ઝીલેન્ડ માઓરી” નામની અમારી બુકલેટમાં વધુ માહિતી ઉપલબ્ધ છે.

## મતવિસ્તાર નામાવલિ

### પાર્લીયામેન્ટરી મતવિસ્તાર નામાવલિ શું છે?

મતવિસ્તારમાં જેમને પ્રવેશ આપવામાં આવ્યો છે તે તમામની સૂચિની પુસ્તિકા છે. તેમાં તેમના નામ, સરનામું અને વ્યવસાયનો સમાવેશ થાય છે. તેને જોઇ શકવાનો કોઇપણને હક્ક છે. પાર્લીયામેન્ટરી ચૂંટણી વર્ષો સિવાય, દર વર્ષે તેનું નવું પ્રકાશન થાય છે. આ વર્ષોમાં બે પ્રીન્ટ થાય છે; દરેકની માહિતી યોગ્ય છે તેના માટે એક, મતદાન દિવસે ઉપયોગ માટે દ્વિતીય.

### મતવિસ્તાર નામાવલિ હું કેવી રીતે જોઇ શકુ?

દરેક રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સની ઓફિસ અને પબ્લીક લાયબ્રેરી ન્યુ ઝીલેન્ડ માટેની તમામ નામાવલિ ધરાવે છે. વધુમાં દરેક પોસ્ટશોપ તેના વિસ્તારની સામાન્ય અને માઓરી નામાવલિની નકલો ધરાવે છે. ઘણી મોટી પોસ્ટશોપ્સ નજીકના મતવિસ્તારોની નામાવલિ પણ ધરાવે છે.

અન્યથા, અમારી વેબસાઇટ - elections.org.nz - પર તમારી પ્રવેશ માહિતીની તમે તપાસ કરી શકશો.

### મતવિસ્તાર માહિતીનો શા માટે ઉપયોગ કરવામાં આવે છે?

તમે પ્રવેશ મેળવો ત્યારે, માત્ર તમારું નામ, રહેણાંક સરનામું અને વ્યવસાય તમારા મતવિસ્તારની નામાવલિમાં પ્રદર્શિત થશે. જનતાનો કોઇપણ સભ્ય માટે તપાસ માટે આ દસ્તાવેજ ઉપલબ્ધ છે. આ માહિતી સાથે તમારું વય જૂથ, પોસ્ટલ સરનામું અથવા માઓરી વંશજની વિગતો (જો લાગુ હોય) સાથે આ માહિતી, વૈજ્ઞાનિક અથવા સ્વાસ્થ્ય સંશોધકો, અરજદારો, પાર્લીયામેન્ટના સભ્યો અથવા રાજીકીય પક્ષોને મોકલવામાં આવી શકે છે. લોકલ કાઉન્સિલ્સને તેની અને ડિસ્ટ્રીક્ટ હેલ્થ બોર્ડ ચૂંટણીઓ, રેફરન્ડા અને પોલ્સ માટે પણ માહિતી મોકલવામાં આવે છે. મત વિસ્તાર માહિતીનો ઉપયોગ કરી જ્યુરી નામાવલિ પણ તૈયાર કરવામાં આવે છે.

## તમારી પ્રવેશ માહિતી અદ્યતન રાખવી

### મારું સરનામું બદલાય તો મારે શું કરવું?

તમે સ્થળાંતર કરો તે પહેલાં, કોઇપણ પોસ્ટશોપ પર ન્યુ ઝીલેન્ડ પોસ્ટમાં “મેઇલ રી-ડાયરેક્શન રીક્વેસ્ટ” ફોર્મ ભરો. તમારા નવાં સરનામાં પર તમને મેઇલ મોકલવામાં આવશે, વધુમાં રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સને પણ જાણ કરવામાં આવશે કે તમારું સ્થળાંતર થયું છે.

તમારું નવું સરનામું સમાન મતદાન વિસ્તારમાં હોય તો તમારા રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ માત્ર નામાવલિમાં સુધારો કરશે અને પુષ્ટિની નવી નોટિસ તમને મોકલશે.

જો તમે નવાં મતવિસ્તારમાં સ્થળાંતર થયા હો, તમને પ્રી-પ્રીન્ટેડ વ્યક્તિગત પ્રવેશ ફોર્મ મોકલવામાં આવશે જે તમારે તપાસી, સહી કરી પરત મોકલવાનું છે. તમારા નવાં મતવિસ્તારના રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ, તમારી સહી કરેલ ફોર્મ મેળવ્યા બાદ, તમને પ્રવેશ આપશે અને પુષ્ટિની એક નોટિસ તમને મોકલશે.

કોઇ નામાવલિમાં રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ તમારું નામ શોધી ન શકે, તો તમારા નવાં સરનામાં પર તેઓ તમને પ્રવેશ ફોર્મ મોકલશે.

અન્યથા, અમારી વેબસાઇટ - elections.org.nz - પર જઇ તમને નવું પ્રવેશ ફોર્મ ભરી શકશો અને ઓનલાઇન તમારું સરનામું અદ્યતન અધ્યતન કરી શકશો.

### મારું નામ અથવા વ્યવસાય હું બદલાવું તો શું થશે?

તમારું નામ અથવા વ્યવસાય બદલાય તો બને તેટલી વહેલી તકે તમારા રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સને તમારે લેખિતમાં જાણ કરવી જોઇએ. અન્યથા, અમારી વેબસાઇટ - elections.org.nz પર તમે નવું પ્રવેશ ફોર્મ ભરી શકશો અથવા તમારી માહિતી અદ્યતન કરી શકશો.

### મારી માહિતી અદ્યતન કરવાનું હું ભૂલી જાઉ તો શું થશે?

તમારી માહિતી અદ્યતન કરવાનું તમે ભૂલી જાવ તો પ્રવેશ અદ્યતન કાર્યક્રમ દરમિયાન અમે તમારો સંપર્ક કરી શકીશું નહીં અને નામાવલિમાંથી તમારું નામ દૂર કરવામાં આવશે. ત્યારબાદ તમારે પુનઃપ્રવેશ મેળવવાનો રહેશે.

## પ્રવેશ અદ્યતન કાર્યક્રમ

### પ્રવેશ અદ્યતન કાર્યક્રમ શું છે?

દર વર્ષે હજારો ન્યુ ઝીલેન્ડવાસીઓ તેમના જીવનમાં ફેરફાર કરે છે. તેઓ સ્થળાંતર કરે છે, લગ્ન કરે છે, તેમના વ્યવસાયમાં ફેરફાર કરે છે. ઘણાં વિદેશથી પરત આવે છે. ઘણીવાર આ ફેરફારોની તેઓ રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સની જાણ કરતા નથી.

આ કારણોસર નિયમિત સમયાંતરે અમે પ્રવેશ અદ્યતન કાર્યક્રમો હાથ ધરીએ છીએ. દરેકે તેમની કોઇપણ માહિતીની તપાસ કરવાની હોય છે અને અદ્યતન કરવાની હોય છે, જો આવશ્યકતા હોય, આથી નવી રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ મતવિસ્તાર નામાવલિમાં તમામ ફેરફારોનો સમાવેશ કરી શકે.

### પ્રવેશ અદ્યતન કાર્યક્રમ હોય ત્યારે મારે શું કરવાનું?

તમારી પ્રવેશ માહિતી તમારે તપાસવાની છે અને સુધારવાની છે, જો આવશ્યકતા હોય. જૂની નામાવલિ પર દરેકને એક ફોર્મ મોકલી રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ તેને સરળ બનાવે છે. તમારું પ્રવેશ અદ્યતન ફોર્મ તમારી વ્યક્તિગત માહિતી જેમ નોંધાયેલ છે તે પ્રદર્શિત કરશે. સુધારા કરવા માટે તમારા માટે જગ્યા આપવામાં આવી છે. ત્યારબાદ ફોર્મમાં સહી કરી અને તારીખ નાંખી સાથે આપવામાં આવેલ જવાબી કવરમાં તેને પરત મોકલો. જો તમારી તમામ માહિતી સાચી હોય તો તમારે જવાબ આપવાની આવશ્યકતા નથી અને તમારા પ્રવેશ અદ્યતન ફોર્મમાં પ્રદર્શિત થયેલ માહિતી સાથે તમારો પ્રવેશ યથાવત રહેશે.

### મારું પ્રવેશ અદ્યતન ફોર્મ હું પરત ન મોકલું તો શું થશે?

તમારા પ્રવેશ અદ્યતન ફોર્મમાં પ્રદર્શિત થયેલ માહિતી સાથે તમારો પ્રવેશ યથાવત રહેશે.

### સરનામાં પર કોઇ રહેતુ ન કોય તેવા કોઇ માટે હું પ્રવેશ અદ્યતન ફોર્મ મેળવું તો શું?

તેમના નવાં સરનામે તમારે તેને રવાના કરવું જોઇએ અથવા, જો ખબર ન હોય, કવર પર "ગોન નો એડ્રેસ" લખી પોસ્ટમાં પરત મોકલવું જોઇએ. તે રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સને પરત કરવામાં આવશે જેઓ નામાવલિમાંથી વ્યક્તિનું નામ કમી કરશે.

### મને પ્રવેશ અદ્યતન ફોર્મ ન મળે તો શું?

તમારે નવું પ્રવેશ ફોર્મ ભરવું ફરજિયાત છે. એક વખત તમારા રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ તમારું સંપૂર્ણ પ્રવેશ ફોર્મ મેળવશે ત્યારબાદ મત વિસ્તાર નામાવલિમાં તમારું નામ પ્રદર્શિત થશે.

## મતવિસ્તાર સીમાઓ

### મેં સ્થળાંતર કરેલ નથી પરંતુ મને અલગ મતવિસ્તારમાં મૂકવામાં આવેલ છે. શા માટે?

દરેક મતવિસ્તારમાં આશરે સમાન સંખ્યામાં લોકોનો સમાવેશ થાય છે. પરંતુ અમુક વિસ્તારોમાં વૃદ્ધિ થઇ શકે છે જ્યારે અન્ય ટૂંકા થઇ શકે, અને ક્યારે સીમા રેખાઓ વ્યવસ્થિત કરવાની આવશ્યકતા હોય છે.

સામાન્ય રીતે, દર પાંચ વર્ષે, વસતિ અને નિવાસ ગણના બાદ, તમામ મતવિસ્તારની સીમાઓ વિશે વિચારવામાં આવે છે. મતવિસ્તારમાં કોઇ વધુ વસતિનું સ્થળાંતર થયું હોય તો મતવિસ્તારો જાળવી રાખવા માટે

મર્યાદાઓમાં ફેરફાર કરવામાં આવી શકે છે, જેમાં આશરે સમાન લોકોની સંખ્યાનો સમાવેશ થાય છે. આ નવી સીમાઓનો બાદમાં આગામી ચૂંટણીમાં ઉપયોગ થાય છે.

## અન્ય ચૂંટણીઓ

### પાર્લીયામેન્ટરી બાય-ઇલેકશન શું છે?

ઘણીવાર પાર્લીયામેન્ટમાં બેઠક ધરાવતો મતવિસ્તાર સામાન્ય ચૂંટણીઓ વચ્ચે ખાલી થાય છે. ત્યાર બાદ મતવિસ્તારના લોકોને નવાં પાર્લીયામેન્ટના સભ્ય માટે મતદાન કરવાની તક મળે છે. તેને બાય-ઇલેકશન કહે છે. મતવિસ્તાર માટે એક અદ્યતન મતવિસ્તાર નામાવલિ તૈયાર કરવામાં આવશે.

### લોકલ ઇલેકશન્સ શુ છે?

તમે જ્યારે પાર્લીયામેન્ટરી મતદાર તરીકે પ્રવેશ મેળવો છો ત્યારે લોકલ કાઉન્સિલ નામાવલિ માટે પણ તમારો સ્વયં પ્રવેશ મળી જાય છે. તેનો અર્થ છે કે તમારી લોકલ કાઉન્સિલ અથવા ડિસ્ટ્રીક્ટ હેલ્થ બોર્ડ ચૂંટણીઓમાં પણ તમે મતદાન કરી શકશો. તેમાં તમારા શહેર અથવા ડિસ્ટ્રીક્ટ માટે મેયર, અને તમારી રીજીયોનલ કાઉન્સિલ, શહેર અથવા ડિસ્ટ્રીક્ટ કાઉન્સિલ, કોમ્યુનીટિ બોર્ડ, ડિસ્ટ્રીક્ટ હેલ્થ બોર્ડ અને અન્ય મંડળો જેમ કે લાયસન્સિંગ ટ્રસ્ટ્સમાં તમારા પ્રતિનિધિત્વ માટે સભ્યોની ચૂંટણીનો સમાવેશ થાય છે.

### સિટીઝન્સ ઇનીશ્યેટેડ રેફરન્ડા અને/અથવા ગવર્મેન્ટ ઇનીશ્યેટેડ રેફરન્ડામાં મતદાન માટે હું લાયક છું?

તમે એક વખત પાર્લીયામેન્ટરી મતદાતા તરીકે પ્રવેશ મેળવી લો ત્યાર બાદ સિટીઝન્સ અને/અથવા ગવર્મેન્ટ ઇનીશ્યેટેડ રેફરન્ડા માટે સ્વયં પ્રવેશ મેળવો છો.

## વધુ માહિતી

### મારે વધુ માહિતી કેવી રીતે મેળવવી?

મતદાન માટે પ્રવેશ માટે વધુ માહિતી અહીંથી ઉપલબ્ધ થશેઃ

- અમારી આ વેબસાઇટની મુલાકાથી – elections.org.nz
- વિના મૂલ્યે 0800 ENROL NOW (0800 36 76 56) પર કોલ કરી
- પુસ્તિકાનું વાંચન કરી
  - – બિનપ્રકાશિત મતદારમંડળ નામામવલિ વિશે તમારે સંપૂર્ણ માહિતીની આવશક્યતા છે*
  - – તમે 18 ના થાવ તે પહેલાં મતદાન માટે પ્રવેશ મેળવવો*
  - – ન્યુ ઝીલેન્ડ મૌરી તરીકે મતદાન માટે પ્રવેશ મેળવવો*(માત્ર ઇંગ્લીશ અને માઓરીમાં જ ઉપલબ્ધ)

* પોસ્ટશોપ્સ અથવા રજીસ્ટ્રાર્સ ઓફ ઇલેક્ટર્સ ઓફિસ પરથી ઉપલબ્ધ.

આ પુસ્તિકાના વાંચન માટે તમારો આભાર.

અમે આશા રાખીએ છીએ કે હંગામી પ્રવેશ પરના તમારા તમામ પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યાં છે

જો તમને કોઇ વધુ માહિતીની આવશ્યકતા હોય તો ELECTIONS.ORG.NZ ની મુલાકાત લો અથવા અમને

0800 ENROL NOW (0800 36 76 56) પર વિના મૂલ્યે ફોન કરો

## આ માહિતી અન્ય ભાષામાં હું મેળવી શકીશ?

અમારી વેબસાઇટ પર આ પુસ્તિકા અસંખ્ય ભાષામાં ઉપલબ્ધ છે.


Electoral Enrolment Centre
New Zealand Post Limited
P O Box 190
Wellington 6140

| | |
|---|---|
| ફોનઃ | 0800 ENROL NOW<br>(0800 36 76 56) |
| ફેક્સઃ | (04) 801 0709 |
| ઇમેઇલઃ | enrol@elections.org.nz |
| વેબસાઇટ: | elections.org.nz |